**ઘટનાને કારણે બંને પરિવારો પર દુઃખનો પહાડ તૂટી પડ્યો**

## લીમખેડાના અંધારી ગામે હડફ નદી કાંઠે પ્રેમી યુગલનો આપઘાત

**પ્રેમી યુગલે** જીવનલીલા સંકેલી લેતા સમગ્ર પંથકમાં ભારે અરેરાટી પ્રસરી જવા પામી



(પ્રતિનિધિ) લીમખેડા, તા.18
દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના દુધામલી ગામના ચોપડા ફળિયામાં રહેતા પરિવાર પર આજે આભ ફાટી પડ્યું હતું. દુધામલીની ૧૫ વર્ષીય મીતલ રણજીત ધાણક અને અંધારી ગામનો ૧૮ વર્ષીય હર્ષદ રમણ પટેલ આજે સવારે મૃત હાલતમાં મળી આવતા આખા વિસ્તારમાં ગમગીની છવાઈ ગઈ છે. પ્રેમી પંખીડા ગણાતા આ યુગલે અંધારી ગામના કાકરા ફળિયામાં હડફ નદીના કિનારે આવેલા બાવળના ઝાડ પર એક જ ઓઢણી બાંધીને આત્મહત્યા કરી લીધી હતી. ઘટનાની વિગત એવી છે કે, મીતલ આજે વહેલી સવારે પોતાની પથારીમાં જોવા મળી ન હતી. પરિવારે ચિંતાતુર થઈને તેની શોધખોળ શરૂ કરી હતી. સગા-સંબંધીઓ અને આસપાસના વિસ્તારોમાં તપાસ દરમિયાન સવારે આઠ વાગ્યાના અરસામાં માહિતી મળી હતી કે અંધારી ગામના હડફ નદી કિનારે એક છોકરો અને એક છોકરી ઝાડ પર લટકેલી હાલતમાં છે. આ સમાચાર મળતા જ મીતલના પરિવારજનો અને ગામના લોકો ઘટનાસ્થળે દોડી ગયા હતા. ત્યાંનું દ્રશ્ય જોઈને સૌના રૂંવાડા ઉભા થઈ ગયા હતા. મીતલ અને હર્ષદ બંનેએ બાવળના ઝાડ પર ચડીને એક જ ઓઢણી વડે ગળેફાંસો ખાધો હતો. સ્થાનિક આગેવાનો અને પરિવારજનોની મદદથી બંનેના મૃતદેહ નીચે ઉતારવામાં આવ્યા હતા અને તુરંત લીમખેડા સરકારી હોસ્પિટલના પોસ્ટમોર્ટમ રૂમમાં ખસેડાયા હતા. આ ગંભીર બાબતે મીતલના ભાઈ અર્જુન રણજીત ધાણકે લીમખેડા પોલીસ મથકે પહોંચીને વિગતવાર જાણ કરી છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ, મીતલ અને હર્ષદ વચ્ચે પ્રેમ સંબંધ હોવાની આશંકા સેવાઈ રહી છે. આટલી નાની ઉંમરે બંનેએ શા માટે આવું અંતિમ પગલું ભર્યું તે રહસ્યનો વિષય છે. લીમખેડા પોલીસે આ મામલે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ ઘટનાને કારણે બંને પરિવારો પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે. યુવાન વયના આ યુગલના મોતે ગામમાં અનેક સવાલો ઊભા કર્યા છે. શું આ આત્મહત્યા પ્રેમમાં મળેલી નિષ્ફળતાનું પરિણામ છે કે અન્ય કોઈ કારણ જવાબદાર છે, તે પોસ્ટમોર્ટમ રિપોર્ટ અને પોલીસની ઊંડાણપૂર્વકની તપાસ બાદ જ સ્પષ્ટ થશે. સમગ્ર પંથકમાં આ ઘટના ચર્ચાનો વિષય બની છે.

## દાહોદ જિલ્લામાં મતદાન પૂર્વે ૪૮ કલાક માટે ચૂંટણી પ્રચાર પર પ્રતિબંધ

(પ્રતિનિધિ) દાહોદ, તા.18
દાહોદ જિલ્લા કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ કચેરી દ્વારા સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી-૨૦૨૬ને અનુસંધાને મહત્વપૂર્ણ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. મતદાન પ્રક્રિયા નિષ્પક્ષ, શાંતિપૂર્ણ અને પારદર્શક રીતે પૂર્ણ થાય તે હેતુસર મતદાન પૂર્વેના ૪૮ કલાક દરમિયાન ચૂંટણી પ્રચાર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જાહેરનામા મુજબ, દાહોદ જિલ્લામાં તા.૨૪ એપ્રિલ ૨૦૨૬ના રોજ મતદાન યોજાનાર હોવાથી તા. ૨૪ એપ્રિલ ૨૦૨૬ના રોજ સાંજે ૫:૦૦ વાગ્યાથી ચૂંટણી પ્રચાર સંપૂર્ણપણે બંધ રહેશે. આ સમયગાળા દરમિયાન કોઈપણ રાજકીય પક્ષ અથવા ઉમેદવાર દ્વારા જાહેર સભા, રેલી, સરઘસ, પ્રચારસભા અથવા મતદારોને પ્રભાવિત કરતી પ્રવૃત્તિઓ કરવા પર પ્રતિબંધ રહેશે.

**પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધ્યો**

## દે.બારીયાના નાની ખજુરીના સીમાડા પર ચેકડેમમાં નહાવા પડેલો યુવાન ડૂબ્યો

(પ્રતિનિધિ) દાહોદ, તા.18
દેવગઢ બારીયાના નાની ખજુરી ગામના સીમાડા પર આવેલ સદગુરૂ ચેક ડેમમાં નાહવા પડેલ દેવગઢ બારીયા નગરના રાણીવાસ ફળિયામાં રહેતો ૧૯ વર્ષીય આશાસ્પદ યુવાન ચેકડેમના ઊંડા પાણીમાં ડૂબી ગયાનું પોલીસ સુત્રો દ્વારા જાણવા મળ્યું છે. પ્રાપ્ત વિગત અનુસાર દેવગઢ બારીયા નગરના રાણીવાસ ફળિયામાં રહેતો રાજુભાઈ મુકેશભાઈ વણકર નામનો ૧૯ વર્ષીય આશાસ્પદ યુવાન પરમ દિવસે બપોરના દોઢેક વાગ્યાના સમયે મોટી ખજુરી, નાની ખજુરી એમ બંને ગામના સીમાડા પર આવેલ સદગુરુ ચેકડેમ માં નહાવા પડ્યો હતો. અને નહાતે નહાતે ડેમના ઊંડા પાણીમાં પહોંચી જતા, ડેમના ઊંડા પાણીમાં ડૂબી જતા તેનું મોત નિપજયું હતું. જેની લાશ ગઈ કાલે તે ચેકડેમમાંથી મળી આવી હતી. ઘટનાની જાણ થતા જ મરણ જનાર રાજુભાઈ મુકેશભાઈ વણકરના પરિવારજનો ચેકડેમ ખાતે દોડી આવ્યા હતા.

અને તેઓના હૈયાફાટ રુદનથી હૃદય દ્રાવક દ્રશ્યો સર્જાયા હતા. આ સંદર્ભે મરણ જનાર રાજુભાઈ વણકરની માતાલીબહેન મુકેશભાઈ વણકરે ધાનપુર પોલીસ સ્ટેશનમાં લેખિત જાણ કરતા પોલીસે આ સંદર્ભે સીઆરપીસી ૧૭૪ મુજબ અકસ્માત મોતના ગુનાના કાગળિયા કરી વધુ તપાસ હાથ ધરી છે.

**ધાનપુર પોલીસ સ્ટેશનના હદ વિસ્તારમાં પેટ્રોલિંગ સઘન બન્યું**

## વરઝરથી વાસિયા ડુંગરી જતા રોડ પર દેશી કટ્ટા સાથે એકની અટકાયત



(પ્રતિનિધિ) દાહોદ, તા.18
ધાનપુર પોલીસ સ્ટેશનના હદ વિસ્તારમાં પેટ્રોલિંગમાં નીકળેલ દાહોદ એલસીબી પોલીસે મળેલ બાતમીના આધારે વરઝરથી વાસિયા ડુંગરી જતા રોડ પર આવેલ ચાંપાનેર મંદિરની પાછળ કાકડખીલા ગામના એક યુવકને દેશી હાથ બનાવટના કટ્ટા સાથે પકડી પાડી જેલના સળિયા પાછળ મોકલી આપ્યાનું જાણવા મળ્યું છે.

દાહોદ એલસીબી પોલીસ ઈન્સ્પેક્ટર ડી.એમ ઢોલ, પોલીસ સબ ઈન્સ્પેક્ટર આર વી રાઠોડ, પોલીસ સબ ઈન્સ્પેક્ટર એમ.એમ માળી તથા એલસીબી સ્ટાફના પોલીસ કર્મીઓની ટીમ ગઈકાલે ધાનપુર પોલીસ સ્ટેશનના હદ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન ધાનપુર તાલુકાના કાકડ ખીલા ગામે યુવક ફળિયામાં રહેતો મલીયાભાઈ પારસભાઈ ભુરીયા પોતાની પાસે .૧૨,૦૦/- ની કિંમતનો દેશી હાથ બનાવટનો કટ્ટો તેની કમરમાં ખોસી સંતાડી રાખી વરઝરથી વાસિયા ડુંગરી જતા રોડ પર આવેલ ચાંપાનેર મંદિર ની પાછળ બેઠેલ હોવાની ગુમ બાતમી મળી હતી. જે બાતમીને આધારે એલસીબી પોલીસની ઉપરોક્ત ટીમ તાબડતોબ વરઝરથી વાસિયા ડુંગરી તરફ જતા રોડ પર આવેલ ચાંપાનેર મંદિર ની પાછળ બાતમી વાળી જગ્યાએ પહોંચી ગઈ હતી અને વ્યુહાત્મક વોચ ગોઠવી ચાંપાનેર મંદિર ની પાછળ બેઠેલ કાકડખીલા ગામના યુવક ફળિયામાં રહેતા બાઢની માં દબાયેલા મલીયાભાઈ પારસભાઈ ભુરીયાને સાવધાની પૂર્વક ઝડપી પાડ્યો હતો, અને તેની તલાસી લેતા કમરમાં ખોસી રાખેલ .૧૨,૦૦/- ની કિંમતનો દેશી હાથ બનાવટ કટ્ટો મળી આવતા પોલીસે તે પકડી કબજે લીધો હતો. અને મલીયાભાઈ પારસભાઈ ભુરીયાની અટકાયત કરી ધાનપુર પોલીસે સુપરત કરી આ સંદર્ભે ફરિયાદ નોંધાવતા, ધાનપુર પોલીસે આ મામલે હથિયાર ધારાનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે

## હાલોલ કંજરી રોડ પર યમુનાનગર સોસાયટીમાથી કપીરાજનુ રેસ્ક્યુ



(પ્રતિનિધિ) હાલોલ, તા.18
સિદ્ધાંત જીવદયા ટીમ અને ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ સાથે મડી હાલોલ કંજરી રોડ પર આવેલ યમુનાનગર સોસાયટી માથી કપીરાજનુ રેસ્ક્યુ કર્યુ. હાલોલ કંજરી રોડ પર આવેલ યમુનાનગર સોસાયટી મા કપીરાજ નુ ટોડુ એક પછી એક રીતે રસ્તો ક્રોસ કરી ને જતુ હતુ તો ત્યા નજીક ચાર પાચ કુતરાઓ દ્વારા એક કપીરાજ ના બચ્ચા ને પકડી પાડયુ ત્યારે જોરજોર થી કપીરાજ ના બચ્ચા યે બુમો પાડતા આસપાસ ના રહીશો આવી જતા કપીરાજ ના બચ્ચા ને કુતરાઓ ના મો માથી બચાવતા પેહલા ગંભીર રીતે ઘાયલ કરી દેતા સિદ્ધાંત જીવદયા ટીમ ના મેમ્બર દ્વારા ટીમ ને જાણ કરાતા ટીમ મેમ્બર જયદીપભાઈ અને અન્ય ટીમ મેમ્બર ઘટના સ્થળ પર જઈ કપીરાજ ના બચ્ચા ને ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ ઓર.એફ.ઓ ચંદ્રીકાબેન ચૌધરી ના નિર્દેશન અને માર્ગદર્શન મુજબ પશુ હોસ્પિટલ લઈ આવી દવા સારવાર કરતા પગ ના ભાગે ફ્રેકચર જેવુ લાગતા વડોદરા ટ્રાન્સફર કરવામા આવ્યુ.

**ચૂંટણી પહેલા જ ભાજપનું 'ઓપરેશન ક્લીન'**

## ગરબાડામાં શિસ્ત ભંગ બદલ કમલેશ માવી સહિત 6 સભ્યો 5 વર્ષ માટે સસ્પેન્ડ




(પ્રતિનિધિ) દાહોદ, તા.18
સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના ગરમાવા વચ્ચે ગરબાડાના રાજકારણમાં ભારે ખળભળાટ મચી ગયો છે. ભારતીય જનતા પાર્ટીએ પક્ષના શિસ્ત અને આદર્શોનું ઉલ્લંઘન કરનારા 6 જેટલા હોદ્દેદારો સામે લાલ આંખ કરી છે. ભાજપના અધિકૃત ઉમેદવારો સામે અપક્ષ તરીકે મેદાનમાં ઉતરી પક્ષને પડકાર ફેંકનારા બળવાખોર નેતાઓને તાત્કાલિક અસરથી *5 વર્ષ માટે સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. કોની સામે પડી પક્ષની ગાજ?* પાર્ટી દ્વારા લેવામાં આવેલા આ કડક નિર્ણયમાં જિલ્લા અને મંડળ સ્તરના મહારથીઓનો સમાવેશ થાય છેઃ કમલેશ માવીઃ પૂર્વ શિક્ષણ સમિતિના ચેરમેન રમીલાબેન ભુરીયાઃ જિલ્લા મહિલા મોરચાના ઉપપ્રમુખ, માનાભાઈ હઠીલા મંડળ ઉપપ્રમુખવિક્રમ ભાભોરઃ એસ.ટી મોરચા પ્રમુખ, લલીતભાઈ પરમારઃ મંડળ કારોબારી સભ્ય, પ્રદીપભાઈ ભુરીયાઃ શક્તિ કેન્દ્ર સંયોજક કેમ લેવાયો આ નિર્ણય? રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે કે, આ તમામ સભ્યોએ પક્ષના આદેશ વિરુદ્ધ જઈને સ્થાનિક ચૂંટણીમાં અપક્ષ ઉમેદવારી નોંધાવી હતી. ભાજપે સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે પક્ષમાં શિસ્ત સર્વોપરી છે અને પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરનાર ગમે તેટલો મોટો હોદ્દેદાર હોય, તેને સાંખી લેવામાં આવશે નહીં. આ મોટા ઓપરેશન બાદ ગરબાડાના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે અને હવે જોવાનું એ રહેશે કે આ સસ્પેન્શનની અસર આગામી ચૂંટણીના પરિણામો પર કેવી પડે છે.

**બે ઠગ ઇસમો સામે પોલીસે કાર્યવાહી હાથ ધરી**

## મશીનરીની લોન પાસ કરાવવાના બહાને દાહોદના ગેરેજવાળા પાસેથી રૂ.5.44 લાખ ખંખેરી લીધા

(પ્રતિનિધિ) દાહોદ, તા.18
અમદાવાદ શિવરંજની પાસેની પાસની વાહિયો રહેતા શીહાબુદ્દીન પારસોમિયાં પટેલ અને ભીમભાઈ વેચાતભાઈ મોઢવાડીયા, ખાનગીના પક્ષે રહેતા ઉઠ વચારે નરોડા હાઈવે આરફ ૩૦૪ હીરાવર વાલા દુનિયા ૩૦ લાખની મશીનરીની લોન પાસ કરાવી આપવાનો વિશ્વાસ અપાવી લોન પાસ કરાવી આપવાના બદલ અલગ અલગ બહાને થાણકી, કાઈલો દસ્તાવેજી, જામીનગીરી તથા ચાલટી કામગીરી, બેન્કમાં સબંધોને મજબુત કરવાની કરાવવાના, લોન મિલના, કઢાવાના નિમિતે, નોટરી કરવાના, મશીનરી તપાસ કરાવવાના, બેંક મેનેજરને આપવાના, કાઈલો અપડેટ કરેલી તેમ કહી લોન પાસ થઈ જશે તેમ કહી વારંવાર માટે આપવાના, લોનના હપ્તા અપાવવાના તથા બીજા અલગ અલગ કામના બહાના બતાવી ઉપરોક્ત બન્ને આરોપીઓએ તારીખ ૩૦-૧૦-૨૦૨૪ થી તારીખ ૩૦-૦૮-૨૦૨૫ સુધી રૂપિયા ૩૦,૦૦૦/- રોકડ રકમ તથા બાકીની રકમથી અલગ અલગ તારીખે અંગે અંગે રૂ. ૧૨,૬૯ મળવીને કુલમાં અલગ અલગ બેંકમાં ખાતામાંથી ખંખેરી લીધા હતા આ બન્ને લોન પાસ નહીં કરાવી આપી મશીનરીનું એડવાન્સ રકમ ખોટીવાદા તથા ઉઘરાવેલ વિશ્વાસઘાત કરી હતી આ સંબંધે વિશ્વાસઘાતની ફરિયાદ લોન ખંખેર નાર દાહોદ ખાતે મોઢવાડીયા સાથે રહેતા માજીદભાઈ અબ્દુલ રહેમાન ખોજીપરવાળાએ દાહોદ ટાઉનમાં દાખલ પોલીસ સ્ટેશન માં ફરિયાદ નોંધાવતા પોલીસે આ સંદર્ભે અમદાવાદ શિવરંજની પાસની વાલીયો રહેતા બીપીન કુમાર પરસોમિયાં પટેલ તથા બીમભાઈ વેચાતભાઈ મોઢવાડીયા વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૩૧૬(૨), ૩૧૭(૬), ૩૧૭(૨), ૩૧૭(૪) મુજબનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે.

**મનરેગા કૌભાંડ બાદ ફરી એક નવો ચર્ચાનો વિષય**

## દેવગઢ બારીયા તાલુકા પંચાયત ઓફિસમાં પારદર્શિતાનો અભાવ

(પ્રતિનિધિ) દાહોદ, તા.18
દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા તાલુકા પંચાયત કચેરીમાં છેલ્લા કેટલાક સમયથી ભ્રષ્ટાચાર મામલે ચર્ચિત વિવિધ કામોમાં કેટલા ટેન્ડર બહાર પડયા નું જાણવા મા આવ્યા હોવાનું સામે આવ્યું છે. સાથે સાથે જ્યાં સમગ્ર દેવગઢ પંથક બે રાજ્યમાં આવેલા હોવાના કારણે કચેરીની અંદર શુ કામગીરી ચાલી રહી છે. અધિકારી હાજર છે અને કોલ કરે તેવો તે અને બરાબરી કોઈ રાખતા નથી. પર્સનલ કામે કચેરી પંચાયત ખાતે આવતા અરજદારોને અંદર મુશકેલીનો સામનો કરવો પડી રહ્યો છે. અરજદારોને કોઈ સામાન્ય માણસ પણ કે કોઈ અધિકારી મળતું નથી અને યોગ્ય માર્ગદર્શન મળતું નથી. જેના કારણે તેઓ રજૂઆતના મુદ્દાને કે, વિશેષ માં કામદારોને. આ પ્રકારની વ્યવસ્થા વધુ ધ્યાન ખેંચી રહી છે. સામાન્ય રીતે સરકારી કચેરીઓમાં પારદર્શિતા અને ખુલ્લી કામગીરી અપેક્ષિત હોય છે. પરંતુ અહીં ખાલી ખાલી જોવા મળે છે અને અરજદારોને ધક્કા ખાવાનો વિષય બન્યો છે કે સરકારી કચેરીઓ આવી રીતે પડદા વગરને અને દરવાજા બંધ રાખીને કામકાજ કરવું કેટલી હદ સુધી યોગ્ય છે. સરકારી તંત્ર અને વિશ્વાસ જળવાઈ રહે તે માટે પારદર્શિતા ખૂબ જ જરૂરી છે. પરંતુ દાહોદની વિનંતીને ને અભાવ જોવા મળી રહ્યો છે. જે અરજદારો પોતું છે કે ઘણી સરકારી કચેરીમાં પારદર્શિતા તંત્રનો નહીં તો કામે કચેરી અંદરના બારણા કયા છે. શું આ ભેદભાવ અને અધિકારી જવાબદાર રહે તે માટે વ્યાંગ માળખા પ્રવૃત્તિ પર રહી કોઈ સ્પષ્ટ સૂચના કે માર્ગ દર્શન મળતું નથી .

## દેલોલ બસ સ્ટેન્ડ પાસેથી પોક્સોના ગુન્હાનો વોન્ટેડ આરોપી ઝડપાયો

કાલોલ : આગામી સમયમાં યોજાનાર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને ધ્યાનમાં રાખી રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે અન્વયે નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા સારું રાજ્યભરમાં મેગા ડ્રાઈવ હાલમાં ચાલુ હોય જે અન્વયે ઉચ્ચ પોલીસ અધિકારીઓએ સુચના અને માર્ગદર્શન આપેલ. જે આધારે આર.ડી. ભરવાડ પોલીસ ઈન્સ્પેક્ટર કાલોલ પોલીસ સ્ટેશનનાઓએ અસરકારક વ્યૂહાત્મક રણનીતિ બનાવીને નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા સારું સ્ટાફને જરૂરી સુચના આપેલ જે અન્વયે કાલોલ પો.સ્ટે. ગુ.ર.નં. ૧૨૮૨/૨૦૨૫ બી.એન.એસ. એક્ટ ૧૩૭(૨), ૮૭ તથા પોક્સો એક્ટ કલમ-૧૨ મુજબના કામનો આરોપી નિલેશકુમાર ઉર્ફે કાળીયો ઉદાભાઈ પરમાર રહેવાસીઃ અમણું ફળિયું, મોટી શામળદેવી, તા. કાલોલને ઝડપી લેવાયો છે.

## હાલોલ ચંદ્રપુરા રોડ ઉપરની કંપનીમાં વીજ ટ્રાન્સફોર્મરમાં આગ



(પ્રતિનિધિ) દાહોદ, તા.18
પ્રાપ્ત માહિતી અનુસાર હાલોલમાં ગોધરા બાયપાસ, એમ.જી. ચોકડી થી આગળ ચંદ્રપુરા ખાતે આવેલ મંગલ વર્લ્ડ વાઈડ લિમિટેડ કંપનીમાં ગઈકાલે સાંજના સમયે વિશાળ ટ્રાન્સફોર્મર માં શોર્ટ સર્કિટ થવાથી આગ લાગી હતી પોલીસ કંટ્રોલરૂમ 112 દ્વારા ફાયર કંટ્રોલરૂમને ચંદ્રપુરા રોડ પર આવેલી મંગલ વર્લ્ડ વાઈડ લિમિટેડ નામની કંપનીમાં આગ લાગી હોવાની જાણ કરવામાં આવી હતી આ માહિતી મળતાની સાથે જ નગરપાલિકા હાલોલ ની ફાયર ટીમ ઘટના સ્થળે પહોંચી આગના મૂળ કારણની તપાસ કરતા તપાસ કરતા જાણવા મળ્યું કે એક મોટા વિશાળ ટ્રાન્સફોર્મરમાં ભીષણ આગ લાગી હતી . સૌપ્રથમ વીજળીનો પુરવઠો તાત્કાલિક બંધ કરાવવામાં આવ્યો હતો ત્યારબાદ આગને વધુ ફેલાતી અટકાવવા માટે ટ્રાન્સફોર્મર પર રાસાયણિક ફોર્મ અને પાણીનો સતત છંટકાવ કરવામાં આવ્યો હતો કલાકોની 18 મહેનત બાદ આગને સંપૂર્ણપણે બાબુમાં લેવામાં આવી હતી.

**ગેસ એજન્સીમાં સમયસર બુકિંગ નહીં કરી ગ્રાહકોને રંજાડવામાં આવતા હોવાનો આક્ષેપ**

## ઝાલોદની નગર ઈન્ડેન ગેસ એજન્સીની બેદરકારીથી લાંબા સમયથી સુખસરમાં ગેસ સેવા ઠપ્પ થઈ

**સુખસર વિસ્તારમાં** ગેસ બોટલની નિયમિત હોમ ડિલિવરી સુનિશ્ચિત કરવાની માંગ ઉઠી છે




(પ્રતિનિધિ) દાહોદ, તા.18
સુખસર વિસ્તારમાં ઝાલોદની નગર ઈન્ડેન ગેસ એજન્સીની બેદરકારીના કારણે સ્થાનિક ગ્રાહકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. લાંબા સમયથી ગેસ સિલિન્ડરની હોમ ડિલિવરી સેવા બંધ હોવાની સાથે બુકિંગ પ્રક્રિયા પણ ઠપ્પ થઈ ગઈ હોવાની ફરિયાદો ઉઠી રહી છે. નિયમ મુજબ ગેસ એજન્સીએ ગ્રાહકોને ઘરે જઈને સિલિન્ડર પહોંચાડવાનું હોય છે. પરંતુ સુખસર વિસ્તારમાં આ સેવા લાંબા સમયથી બંધ છે. એટલું જ નહીં ગ્રાહકો દ્વારા ગેસ બુકિંગ કરવાનો પ્રયાસ કરવામાં આવે ત્યારે બુકિંગ થતું નથી અને એજન્સીનો સંપર્ક નંબર પણ બંધ આવતો હોવાના આક્ષેપો સામે આવી રહ્યા છે. જેના કારણે ગેસ સિલિન્ડર ક્યારે મળશે તે અંગે કોઈ સ્પષ્ટ માહિતી મળતી નથી. આ પરિસ્થિતિને કારણે સુખસરના રહેવાસીઓને ગેસ સિલિન્ડર મેળવવા માટે ઝાલોદ સુધી જવું પડે છે. જ્યાં લાંબી લાઈનોમાં ઉભા રહીને કલાકો સુધી રાહ જોવી પડે છે. ખાસ કરીને મહિલાઓ, વરિષ્ઠ નાગરિકો અને રોજિંદા કામકાજ કરતા લોકો માટે આ પરિસ્થિતિ અત્યંત કંટાળાજનક બની ગઈ છે. સ્થાનિક લોકોએ જણાવ્યું હતું કે, આ મુદ્દે અનેક વખત રજૂઆત કરવા છતાં એજન્સી તરફથી કોઈ યોગ્ય પ્રતિસાદ મળ્યો નથી. જેના કારણે લોકોમાં ભારે રોષ ફેલાયો છે. સ્થાનિક રહેવાસીઓએ સંબંધિત વિભાગ અને ઉચ્ચ અધિકારીઓને તાત્કાલિક હસ્તક્ષેપ કરીને ગેસ બુકિંગ સેવા ફરી શરૂ કરાવવા અને સુખસર વિસ્તારમાં નિયમિત હોમ ડિલિવરી સુનિશ્ચિત કરવાની માંગ ઉઠવા પામેલ છે. જેથી લોકોને પડતી મુશ્કેલીમાંથી રાહત મળી શકે.

## દાહોદ જિલ્લામાં મતદાન મથકો આસપાસ 200 મીટર વિસ્તારમાં પ્રતિબંધાત્મક જાહેરનામું

દાહોદ : દાહોદ જિલ્લા કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ કચેરી દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે કે રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા જાહેર કરાયેલા કાર્યક્રમ અનુસાર જિલ્લામાં જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત તથા દાહોદ નગરપાલિકાની ચૂંટણી યોજાનાર છે. ચૂંટણી પ્રક્રિયા અંતર્ગત આચાર સંહિતા અમલમાં છે તેમજ તા. ૨૬/૦૪/૨૦૨૬ના રોજ મતદાન અને તા. ૨૮/૦૪/૨૦૨૬ના રોજ મતગણતરી યોજાનાર છે. મતદાન દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ મતદારો શાંતિપૂર્ણ રીતે મતદાન કરી શકે તે હેતુસર દરેક મતદાન મથકની આસપાસ ૨૦૦ મીટરની ત્રિજ્યામાં ખાસ પ્રતિબંધાત્મક પગલાં અમલમાં મુકવામાં આવ્યા છે.

## દાહોદ જિલ્લામાં અખાત્રીજ નિમિતે બાળલગ્ન અટકાવવા કડક પગલાં

લગ્ન પ્રસંગ સાથે જોડાયેલા તમામ લોકો સામે થશે કાર્યવાહી : જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની અપીલ

(પ્રતિનિધિ) દાહોદ, તા.18
આગામી તા. 19 એપ્રિલ 2026ના રોજ ઉજવાતી "અક્ષય તૃતિયા (અખાત્રીજ)" નિમિતે જિલ્લામાં મોટા પ્રમાણમાં લગ્ન સમારંભો યોજાવાની શક્યતા છે. આ પ્રસંગોને ધ્યાનમાં રાખી બાળલગ્નો અટકાવવા જિલ્લા તંત્ર દ્વારા કડક પગલાં લેવામાં આવ્યા છે. જિલ્લા બાળલગ્ન પ્રતિબંધક અધિકારી તેમજ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી દ્વારા જાહેર કરવામાં આવ્યું છે કે બાળલગ્ન પ્રતિબંધક ધારો-2006 મુજબ છોકરાની કાનૂની લગ્ન ઉંમર 21 વર્ષ અને છોકરીની 18 વર્ષ નક્કી કરવામાં આવી છે. આથી ઓછી ઉંમરે થતા લગ્ન કાયદેસર ગુનો ગણાય છે. અખાત્રીજના દિવસે થનારા લગ્ન પ્રસંગોમાં જો સગીર વયના છોકરા કે છોકરીના લગ્ન યોજાતા હોવાની માહિતી મળે તો માતા-પિતા, કુટુંબીજનો, ડી.જે. માલિકો, ફોટોગ્રાફર, કંકોતરી છાપનાર, મંડપ માલિકો તેમજ લગ્ન વિધિમાં જોડાયેલા તમામ વ્યક્તિઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જિલ્લા તંત્રએ વધુમાં જણાવ્યું છે કે નાની ઉંમરે થતા લગ્નોથી બાળકોના શારીરિક, માનસિક અને સામાજિક વિકાસ પર ગંભીર અસર પડે છે, જે સમગ્ર સમાજ માટે હાનિકારક છે. તેથી આવા સામાજિક દુષણોને દૂર કરવા માટે દરેક નાગરિક, સરપંચઓ અને સમાજના આગેવાનોને જાગૃત રહી સહકાર આપવા અપીલ કરવામાં આવી છે. બાળલગ્ન અંગે કોઈ માહિતી કે ફરીયાદ મળે તો તાત્કાલિક નીચેના સંપર્ક નંબર પર જાણ કરવા વિનંતી કરવામાં આવે તેમ બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી સહ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી દાહોદ દ્વારા જણાવાયું છે બાળલગ્ન પ્રતિબંધક અધિકારી, દાહોદઃ 02673-239225 જિલ્લા બાળ સુરક્ષા એકમઃ 02673-239020 ચાઈલ્ડ લાઈનઃ 1098 (ટોલ ફ્રી) નંબર પણ જોહર કરવામાં આવ્યો છે.